S.C

અનુસૂચિત જાતિના ઉમેદવારોને
નિમણૂક આપતા પૂર્વે જાતિ
પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ
કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક:અજપ/૧૫૨૦૨૩/૫૪૨૭૨/ઠ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૯/૨૦૨૩

વંચાણે લીધા:-

(૧) The Gujarat Scheduled Castes, Scheduled Tribes and Other Backward Classes (Regulation of Issuance and Verification of Certificates) Act, 2018.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૭/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક:SJED/NIR/e-file/17/2023/0104/J

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૪/૦૮/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:અજાક/મ-૪/૧૯૦/૨૦૨૨-૨૩/૩૮૨૧

પ્રસ્તાવના:-

વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના The Gujarat Scheduled Castes, Scheduled Tribes and Other Backward Classes (Regulation of Issuance and Verification of Certificates) Act, 2018 ની જોગવાઈ અનુસાર અનામત વર્ગોના ઉમેદવારોને નિમણૂક આપતા પહેલાં જાતિ પ્રમાણપત્રોની ખરાઈ કરવાની રહે છે. જે અન્વયે અનુસૂચિત જાતિના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રની ખરાઈની કામગીરી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક (૨) ઉપરના ઠરાવથી અનુસૂચિત જાતિના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ કરવા માટે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક રાજ્ય કક્ષાની ચકાસણી સમિતિની રચના કરવામાં આવેલ છે.

જાતિ પ્રમાણપત્રની ચકાસણી માત્ર ભૌતિક ખરાઈ પૂરતી સીમિત નથી. પરંતુ, આ ચકાસણીના સંદર્ભમાં સંબંધિત ઉમેદવાર ખરેખર જે તે જાતિ પૈકીની જાતિના છે કે કેમ? તે અંગે ઉંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવતી હોઈ આવા ઉમેદવારોની જાતિ, ગુજરાતના મૂળ વતની હોવા અંગેના પર્યાપ્ત આધારો મેળવીને તથા ચકાસણી કરીને ઉમેદવારના જે તે જાતિ અંગેના દાવાની યોગ્યતા અંગે નિર્ણય લેવામાં આવે છે. આ પ્રક્રિયા ખૂબ જ જટીલ તેમજ સંવેદનશીલ

છે. આથી, સરકારી સેવાઓમાં નિમણૂકમાં વિલંબ નિવારવા માટે તથા અનુસૂચિત જાતિના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવા માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધા ક્રમાંક (૩) ઉપરના તા.૦૪/૦૮/૨૦૨૩ ના પત્રથી જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકાર દ્વારા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

<u>પરિપત્ર:-</u>

રાજ્ય સરકારની સેવાઓમાં નિમણૂક આપતાં પહેલાં સત્તાધિકારી દ્વારા અનુસૂચિત જાતિના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રની ચકાસણી/ખરાઈ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર ખાતે કરાવવા માટે નીચે મુજબની પદ્ધતિ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧) સંબંધિત વિભાગ/ખાતાના વડા દ્વારા જે ઉમેદવારોના અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી કરવાની થતી હોય તેવા તમામ ઉમેદવારો પાસેથી આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં વિગતો તથા આધાર-પુરાવાની નકલો મેળવીને નિયત ફોર્મ સાથે મોકલવાના રહેશે.

(૨) ઉમેદવારો તરફથી રજૂ થયેલ આધાર-પુરાવાની તેના અસલ પુરાવા સાથે ખરાઇ કરીને સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરીના અધિકૃત અધિકારી દ્વારા ફોર્મમાં નક્કી કરેલ જગ્યાએ સહી/સિક્કા સાથે જરૂરી પ્રમાણપત્ર અચૂક આપવાનું રહેશે.

(૩) સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરી દ્વારા તમામ ઉમેદવારો પાસેથી મળેલ નિયત ફોર્મ તેની સાથેના આધાર-પુરાવા સહિત એકત્રિત કરી તમામ ઉમેદવારોના ફોર્મ તથા નામ, સરનામા, ઇ-મેઇલ તથા સંપર્ક નંબર અંગેની વિગતો સહિતની યાદી એકસાથે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

(૪) વિવિધ ભરતી સંસ્થાઓ દ્વારા થતી વર્ગ-૦૩ ની ભરતીઓમાં જ્યારે સરકારશ્રી દ્વારા ઝડપી અને સમયમર્યાદામાં જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરવા જણાવવામાં આવે ત્યારે ઉમેદવારોને ફળવાતા જિલ્લા/શહેરમાં સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના અધ્યક્ષસ્થાને બનાવવામાં આવેલ ટીમ દ્વારા જાતિ પ્રમાણપત્રની ચકાસણી/ખરાઈ કરવાની રહેશે.

(૫) જાતિ પ્રમાણપત્રની ચકાસણી/ખરાઈ કરતી વખતે કોઈ શંકાસ્પદ જણાય તેવા કિસ્સાઓમાં સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ પોતાના રિમાર્ક્સ તેમજ સવયંસ્પષ્ટ અભિપ્રાય સાથે રાજ્ય કક્ષાની ચકાસણી સમિતિને તમામ આધાર-પુરાવા સાથે સત્વરે મોકલી આપવાના રહેશે.

ઉપર્યુક્ત સૂચનાનું ચૂસ્તપણે અને યોગ્ય રીતે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગોને જણાવવામાં આવે છે તેમજ તેમના તાબા હેઠળના સર્વે ખાતાના વડા, કચેરીઓના વડા, બોર્ડ, કોર્પોરેશન તથા નિગમના વડાઓને આ પરિપત્રનો અમલ કરવા અંગે જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે. eSign Signed by: Jigar Gijubhai Patel Organization Unit: Social Justice and Empowerment Department Organization Name: GOVERNMENT OF GUJARAT Date: 13-Sep-2023 (01:02 PM)

(જીગર પટેલ)

નાયબ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ: નિયત ફોર્મ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્રસચિવશ્રીઓ/સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર. (આ સૂચના તાબા હસ્તકના વડાઓ તથા પ્રાદેશિક અધિકારીઓના ધ્યાને લાવવાની વિનંતી સહ)
- સંયુક્ત સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ. ગાંધીનગર. (પત્ર દ્વારા)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ- અજપ/૧૫૨૦૨૩/૫૪૨૭૨/છ, તા. ૧૩/૦૯/૨૦૨૩ નું બિડાણ)

અનુસૂચિત જાતિના પ્રમાણપત્રની ચકાસણી / ખરાઇ માટે ઉમેદવારે રજૂ કરવાની થતી વિગતોનું

ફોર્મ

(ફોર્મ ભરતા પહેલાં ફોર્મ સાથેની સૂચનાઓ અવશ્ય વાંચવી)

---

પુરેપુરૂં નામઃ-

સરનામુંઃ-

મોબાઇલ નં.-

તારીખઃ-

પ્રતિ,

(૧) નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) જિલ્લા નાયબ નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
............................., જિ. ...........................

વિષયઃ અનુસૂચિત જાતિના પ્રમાણપત્રની ખરાઇ કરવા બાબત.

શ્રીમાન,

રાજ્ય સરકારશ્રી હેઠળના ..................................................વિભાગ/ખાતા હેઠળની (હોદ્દો)............................ ની જગ્યા ઉપર ભરતી સંદર્ભે મેં રજૂ કરેલ મારા ......................... જાતિના અનુસૂચિત જાતિના પ્રમાણપત્રની ચકાસણી/ખરાઇ માટે મારી નીચે મુજબ વિગતો અને આધારો રજૂ કરૂ છું.

| ૧ | મારું તથા મારા પિતાનું અસલ રેશનકાર્ડ તથા તેની પ્રમાણિત નકલ | રેશનકાર્ડમાં મુખ્ય વ્યક્તિનું નામ | સરનામું | રેશનકાર્ડ નંબર |
|---|---|---|---|---|
| | | | | |

| ૨ | મારું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૩ | મારું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર (સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ પેટાજ્ઞાતિની સ્પષ્ટતાવાળું) | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૪ | મારા પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૫ | મારા પિતાનું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૬ | મારા સગા ભાઇનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૭ | મારા સગા ભાઇનું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૮ | મારા સગા બહેનનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૯ | મારા સગા બહેનનું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૧૦ | મારા સગા મોટા બાપાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૧૧ | મારા સગા મોટા બાપાનું અનુસૂચિત જાતિનુ જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૧૨ | મારા સગા કાકાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૧૩ | મારા સગા કાકાનું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૧૪ | મારા સગા ફોઇનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૧૫ | મારા સગા ફોઇનું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૧૬ | મારા દાદાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૧૭ | મારા દાદાનું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

૧૮. આ ઉપરાંત મારી જાતિના સમર્થનમાં નીચે જણાવેલ વધુ આધાર-પુરાવાની ખરી નકલો રજૂ કરવામાં આવેલ છે.

| ૧ | મારા પિતરાઈ ભાઈનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૨ | મારા પિતરાઈ ભાઈનું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ૩ | મારા પિતરાઈ બહેનનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | શાળાનું નામ અને સરનામું | પ્રમાણપત્ર નંબર/ તારીખ | વિદ્યાર્થી જનરલ રજી. નંબર | જાતિ | જન્મ તારીખ | જન્મસ્થળ (ગામ/ તાલુકો/ જિલ્લો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| ૪ | મારા પિતરાઈ બહેનનું અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર | પ્રમાણપત્ર ધારણકર્તાનું નામ | પેટા જાતિ | જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ | જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારી/ કચેરી |
|---|---|---|---|---|---|
| | | | | | |

૧૯. મારા કુટુંબ/પરિવારનું પેઢીનામું
(જાતિના સમર્થનમાં આપની સાથે લોહીનો સબંધ ધરાવતા જે વ્યકિતના આધાર/ પુરાવા રજુ કરવામાં આવે તે વ્યકિતનું નામ પેઢીનામામાં અવશ્ય હોવું જોઇએ.)

૨૦. મહારાષ્ટ્ર રાજ્યમાંથી સ્થળાંતર કરેલ ઉમેદવારોએ તા.૦૧/૦૫/૧૯૬૦ પહેલાં એટલે કે મુંબઇ રાજ્ય વખતે ગુજરાતમાં સ્થાયી થયાના આધારો અને અમોએ જાતિ પ્રમાણપત્ર મેળવતી વખતે સંબંધિત કચેરીમાં રજૂ કરેલ નીચે મુજબના તમામ અસલ આધાર/ પુરાવા અને તેનો પ્રમાણિત નકલો.

(૧) મારા દાદા નામે .......................... તે .......................... કચેરી/બેંક/ખાનગી કંપનીમાં તા.૦૧/૦૫/૧૯૬૦ પહેલાં નોકરી કરતા હતા. તે બાબતનું સંબંધિત કચેરી કચેરી/બેંક/ ખાનગી કંપનીનુ અસલ પ્રમાણપત્ર તથા તેની ખરી નકલ.

(૨) મારા દાદા નામે .............................. ગુજરાત રાજયમાં તા.૦૧/૦૫/૧૯૬૦ પહેલાં રહેતા હતા. તે અંગે તેઓએ મ્યુ કોર્પો/નગરપાલિકા/ગ્રામ પંચાયતમાં ભરેલા કરવેરાની અસલ પાવતી તથા તેની ખરી નકલ.

(૩) મારા દાદા નામે .............................. ગુજરાત રાજયમાં તા.૦૧/૦૫/૧૯૬૦ પહેલાં ખરીદેલ મકાન, દુકાન અન્ય મિલકતના રજિસ્ટર્ડ દસ્તાવેજની ખરી નકલ.

(૪) મારા દાદા નામે .......................... તે ...................... કચેરી/બેંક/ખાનગી કંપનીમાં તા.૦૧/૦૫/૧૯૬૦ પહેલાં ખેતીની જમીન ધરાવતા હોય તો તે અંગેના ૭ અને ૧૨ના ઉતારા, નમુના નં.૬, મિલકતના આકારણીપત્રક વિગેરેની અસલ અને ખરી નકલ.

૨૧. અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરેલ ઉમેદવારોએ તા.૧૦/૦૮/૧૯૫૦ પહેલાં ગુજરાત રાજ્યમાં સ્થાયી થયાના આધારો અને અમોએ જાતિ પ્રમાણપત્ર મેળવતી વખતે સંબંધિત કચેરીમાં રજૂ કરેલ નીચે મુજબના તમામ અસલ આધાર/પુરાવા અને તેની પ્રમાણિત નકલો.

(૧) મારા દાદા નામે .............................. તે ........................ કચેરી/બેંક/ ખાનગી કંપનીમાં ૧૯૫૦, તા.૧૦/૦૮/૧૯૫૦ પહેલાં નોકરી કરતા હતા. તે બાબતનું સંબંધિત કચેરી/બેંક/ખાનગી કંપનીનું અસલ પ્રમાણપત્ર તથા તેની ખરી નકલ.

(૨) મારા દાદા નામે .................................. ગુજરાત રાજ્યમાં તા.૧૦/૦૮/૧૯૫૦ પહેલાં રહેતા હતા. તે અંગે તેઓએ મ્યુ કોર્પો/નગરપાલિકા/ગ્રામ પંચાયતમાં ભરેલા કરવેરાની અસલ પાવતી તથા તેની ખરી નકલ.

(૩) મારા દાદા નામે .................................. ગુજરાત રાજયમાં તા.૧૦/૦૮/૧૯૫૦ પહેલાં ખરીદેલ મકાન, દુકાન અન્ય મિલકતના રજિસ્ટર્ડ દસ્તાવેજની ખરી નકલ.

(૪) મારા દાદા નામે .............................. તે ........................ કચેરી/બેંક/ખાનગી કંપનીમાં ૧૯૫૦, તા.૧૦/૦૮/૧૯૫૦ પહેલાં ખેતીની જમીન ધરાવતા હોય તો તે અંગેના ૭, ૧૨ અને ૮-અ ના ઉતારા, નમુના નં.૬, મિલકતના આકારણીપત્રક વિગેરેની અસલ અને ખરી નકલ.

૨૨. દાદાનો ધર્મ:-................................, પિતાનો ધર્મ:- ............................ ,
પોતે જે ધર્મ પાળે છે તે:-...............................

સ્થળ:- ઉમેદવારની સહી ...............................

તારીખ:-

# સંબંધિત વિભાગ / ખાતા / કચેરીના અધિકૃત કરેલા અધિકારીનું પ્રમાણપત્ર

..........................................................................................................

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેદવારશ્રી/શ્રીમતી /કુ. ..................................... એ આ ફોર્મ સાથે ચેકલીસ્ટ મુજબના જે આધાર-પુરાવાની નકલો રજુ કરેલી છે. તે તમામની તેના અસલ (Original) પત્રો/દસ્તાવેજો સાથે ચકાસણી કરવામાં આવી છે અને તે બરાબર જણાયેલ છે. રજૂ થયેલ નકલોમાં કોઇ તફાવત કે સુધારા-વધારા થયેલા જણાયેલ નથી.

ઉમેદવાર તરફથી કોઇ ચોકકસ અસલ (Original) પત્રો /દસ્તાવેજો રજૂ થયેલ ન હોય અથવા તફાવત જણાયેલ હોય તો તેની સ્પષ્ટ વિગતો :-

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

તારીખ:- અધિકૃત અધિકારીની સહી : ......................................

સ્થળ:- અધિકારીનું નામ અને હોદ્દો : ..................................

કચેરીનો સિકકો

(નોંધ : ઉમેદવાર તરફથી કોઇ ચોકકસ અસલ (Original) પત્રો /દસ્તાવેજો રજૂ થયેલ ન હોય અથવા તફાવત જણાયેલ હોય તો તેની સ્પષ્ટ વિગતો આ પ્રમાણપત્રમાં જણાવવી.)

## અનુસૂચિત જાતિના પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે વિગતો રજૂ કરવા અંગે ધ્યાને લેવાની સૂચનાઓ

(૧) નિયત નમુનાના ફોર્મમાં વિગતો ભરી, સહી કરી તે ફોર્મ તેમાં ચેકલીસ્ટ મુજબ સામેલ રાખવા જણાવેલ છે તેવા આધારોની સ્વપ્રમાણિત નકલો સહિત, જે ખાતાની જગ્યા માટે પસંદગી થયેલ હોય તે ખાતા મારફત રજૂ કરવાનું રહેશે.

(૨) અનુસૂચિત જાતિ અંગેના જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે રજૂ કરવાપાત્ર આધાર-પુરાવા.

(૧) ઉમેદવારનું શાળા છોડયાનું અસલ/નકલ પ્રમાણપત્ર.

(૨) ઉમેદવારનું અનુસૂચિત જાતિનું પેટા જ્ઞાતિની સ્પષ્ટતાવાળું અસલ/નકલ જાતિ પ્રમાણપત્ર.

(૩) ઉમેદવારના પિતાનું શાળા છોડ્યાનું અસલ/નકલ પ્રમાણપત્ર.

(૪) ઉમેદવારના પિતાનું અનુસૂચિત જાતિનું અસલ/નકલ પ્રમાણપત્ર.

(૫) ઉમેદવારના ભાઇ/બહેનના શાળા છોડ્યાના અસલ/નકલ પ્રમાણપત્રો.

(૬) ઉમેદવારના ભાઇ/બહેનના અનુસૂચિત જાતિના અસલ/નકલ પ્રમાણપત્રો.

(૭) પિતા અભણ હોય તેવા કિસ્સામાં દાદા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનો જાતિ પુરવાર થાય તેવો અસલ દસ્તાવેજ અને પેઢીનામું.

(૮) રેશનકાર્ડ અસલ/નકલ.

(૯) ઉમેદવાર તથા તેઓના પિતાએ જો શાળા છોડ્યાના પ્રમાણપત્રો ડુપ્લીકેટ મેળવેલ હોય તો આ સાથે સામેલ નિયત નમુના મુજબનો જ પ્રાથમિક શાળાના વયપત્રકનો ઉતારો રજુ કરવો.

(૧૦) જો ઉમેદવારની, ઉમેદવારના પિતાની તથા ઉમેદવારના ભાઇ-બહેનની અટક, નામ, પેટા જાતિ અલગ-અલગ હોય તો તે અંગેનું સોગંદનામુ અથવા ગેઝેટ અસલ/ નકલમાં રજૂ કરવું.

(૧૧) અનુસૂચિત જાતિના સંબંધિત ઇસમ/સભ્ય અગરતો તેના પિતા/પ્રપિતા/વડવાઓ અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરી ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા હોય તેવા કિસ્સામાં અને પ્રેસીડેન્સીયલ ઓર્ડર તા.૧૦/૦૮/૧૯૫૦ થી બહાર પડ્યાની તારીખે અથવા તે પહેલાં ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવતા હોય તેવા રેવન્યુ રેકર્ડ આધારિત પુરાવાઓની અસલ તથા પ્રમાણિત નકલ.